ભવ્ય પોથીયાત્રા સાથે દેવી ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પ્રથમવાર દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ : ગિરનારી આશ્રમના પૂ. ગીતાદીદીની વ્યાસપીઠે દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે કથા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આજથી બાલવાના ગિરનારી આશ્રમના પૂ.ગીતાદીદીજીની વ્યાસપીઠે શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો હતો. દેવી ભાગવત જ્ઞાનયજ્ઞના પ્રારંભ પૂર્વે સાંજે ૪.૩૦ કલાકે સહજાનંદ સીટી ખાતેથી શોભનાબેન જયસુખભાઈ વેકરીયાના નિવાસસ્થાનેથી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. દેવી ભાગવત જ્ઞાનયજ્ઞનો પ્રારંભ હરસિધ્ધિ મંદિર લાડોલના મહંત પૂ. અશ્વિનભાઈ મહારાજના હસ્તે દિપ પ્રાગટય કરીને કરાયું હતું.

કુડાસણ વિસ્તારમાં પ્રથમવાર જ ગિરનારી આશ્રમ પરિવાર તથા ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ દ્વારા સંયુકત ઉપકમે આયોજિત શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહમાં ગિરનારી આશ્રમના પરમવિદૂષી સાધ્વી પૂ. ગીતાદીદીની વ્યાસપીઠે આજથી તા. ૪થી મે સુધી દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે કથા જ્ઞાનયજ્ઞ યોજાશે. આ ઉપરાંત જ્ઞાનયજ્ઞ દરમિયાન તા. ૨૯મી એપ્રિલે રાત્રે ૧૦ કલાકે ભુવનેશ્વરી પ્રાગટય, તા.૩૦મી એપ્રિલે રાત્રે ૧૦ કલાકે નવદુર્ગા પ્રાગટય, તા. ૧લી મેએ રાત્રે ૧૦ કલાકે અન્નપૂર્ણા પ્રાગટય, તા. ૨જી મે મંગળવારે રાત્રે ૧૦ કલાકે મા ઉમિયા પ્રાગટય તથા તા. ૩૦મે બુધવારે રાત્રે ૧૦ કલાકે શિવવિવાહ વગેરે પ્રસંગો આવરી લેવાશે. આજે નીકળેલી પોથીયાત્રામાં ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

૨૫ હજાર સ્કવેર ફુટનું શકિતધામ

કુડાસણમાં સહજાનંદ સીટની બાજુમાં 'શકિતધામ' ખાતે યોજાનાર શ્રીમદ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ માટે ૨૫ હજાર સ્કવેર ફુટમાં વિશાળ કથા સ્થળનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સ્થળ માટેની જમીન કુડાસણના પ્રવિણભાઈ પટેલ દ્વારા વિના મૂલ્યે વાપરવા આપવામાં આવી છે. સમગ્ર જ્ઞાનયજ્ઞનું આયોજન જયસુખભાઈ વેકરીયાની આગેવાનીમાં ન્યુ ગાંધીનગર વિકાસ મંડળની કમિટિ તથા સભ્યો દ્વારા સંભાળવામાં આવી રહ્યું છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... છેલ્લો છેલ્લો જીતનો આનંદ માણી લઈએ... હવે તો કોઈ રહેવાનું જ નથી કે તેની સાથે જીતીને ખુશ થવાય...!!

મનપાનો સપાટો : ૧૩૦ કિલો કેરીનો નાશ કરાયો

સે. ૨૧, સે. ૧૬ તથા ઘ-૬ કોર્નરે દરોડા પાડી કાર્બાઈડયુક્ત તથા બગડેલી કેરીનો જથ્થો ઝબ્બે કરી તેનો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મનપાના ફુડ સેફટી વિભાગ તથા સેનિટેશન વિભાગે આજે વિવિધ સ્થળે દરોડા પાડી કાર્બાઈડયુક્ત તથા બગડેલી કેરીનો કુલ ૧૩૦ કિલો જથ્થો ઝબ્બે કરી તેનો નાશ કર્યો હતો. આ સાથે આ કેરીના વેપારીઓને ચેતવણી આપવા ઉપરાંત જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા. આ સાથે ચીકુ જેવા અન્ય ફળોનો પણ કેટલોક બગડેલો જથ્થો ઝબ્બે કરી તેનો નાશ કરાયો હતો.

શહેરના સેક્ટર-૨૧ના શાક માર્કેટના વેપારીઓ ઉપરાંત સેક્ટર-૧૬ તથા ઘ-૬ સર્કલ નજીકમાં ફ્રૂટનો વેપાર કરતા વેપારીઓને ત્યાં આજે દરોડા પાડવામાં આવ્યા હતા. મનપાના ફુડ સેફટી વિભાગ તથા સેનિટેશન ઈન્સ્પેક્ટર સહિતના સ્ટાફે હાથ ધરેલ કાર્યવાહીમાં આ વેપારીઓ પાસેથી કુલ ૧૩૦ કિલો કેરીનો જથ્થો કબ્જે લેવાયો હતો. આ કેરીઓમાં પ્રતિબંધિત કાર્બાઈડથી પકવેલી કેરીઓના જથ્થા સાથે બગડેલી કેરીઓનો જથ્થાનો પણ સમાવેશ થાય છે. ઝબ્બે લેવાયેલા કેરીના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે જે વેપારીઓને ત્યાંથી આ જથ્થો પકડાયો હતો તે તમામ વેપારીઓને કાર્બાઈડથી કેરી ના પકવવા ચિમકી આપવામાં આવી હતી. તેમજ બગડેલી કેરીનું વેચાણ ના કરવા સૂચિત કરાયાં હતા. આગામી સમયમાં શહેરના અન્ય બજારોમાંપણ મનપા દ્વારા આ દિશામાં કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે.

ગુજરાત ધમ્મ સોસાયટી દ્વારા ૩૦મીએ સાંસ્કૃતિક કાર્યક્રમ

ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે ગુજરાત ધમ્મ સોસાયટી ગાંધીનગર દ્વારા બૌદ્ધ વિદ્યાલયના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૩૦મી એપ્રિલના સવારે નવ વાગે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન પદે અનિલ પ્રથમ એડીશનલ ડીજીપી (ક્રાઈમ ગુજરાત રાજય), અરવિંદ સોનટકે-ઈન્કમટેક્ષ ઓફિસર ચંદ્રકાન્ત જાદવ-ઈન્કમટેક્ષ ઓફિસર, એમ.એમ. પરમાર-નિવૃત કોમર્શીયલ મેનેજર પશ્ચિમ રેલવે, બૌધીરાજ વિશ્વાસ, મ્યુ. કોર્પોરેટર ધીરૂભાઈ ડોડીયા હાજર રહેશે. ધમ્મ સોસાયટીના સંચાલક વિરેન્દ્રભાઈ નાગપુરકરએ નગરજનોને હાજર રહેવા જણાવેલ છે.

એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડે વોન્ટેડ બુટલેગર પકડી પાડયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે સ્પે. ડ્રાઈવ રાખવા જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવે સુચના આપતા એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડ તે દિશામાં વધુ સક્રિય થઈ છે. આજે આ સ્કવોર્ડે ડભોડા પોલિસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાંએક વર્ષથી વોન્ટેડ બુટલેગરને રણાસણ સર્કલથી ચિલોડા જતા રોડ પરથી પકડી પાડયો છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની એબસ્કવોન્ડર સ્કવોર્ડ દ્વારા નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી વોન્ટેડ આરોપીઓને પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે. પીએસઆઈ કૃણાલ પટેલ તથા એએસઆઈ અશોકકુમાર તથા હે. કોન્સ્ટેબલ કિરીટકુમાર, દિલીપસિંહ તથા કોન્સ્ટેબલ મહિપાલસિંહ સહીતની ટીમ વોન્ટેડ આરોપીઓને પકડવાની કામગીરીમાં પ્રયત્નશીલ હતા. દરમિયાન કિરીટકુમારને માહિતી મળી હતી કે ડભોડા પોલિસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ આરોપી રણાસણ સર્કલથી ચિલોડા રોડ તરફ જઈ રહ્યો છે. તેને આધારે ટીમે વૉચ ગોઠવીને સરદારનગર અમદાવાદના વિરમ રૂપસિંગ ગામેતીને આજે પકડી પાડયો છે. એબસ્કવોન્ડર સ્કવોર્ડે આ વોન્ટેડ બુટલેગરની ધરપકડ કરી લઈ ડભોડા પોલીસને સોંપ્યો છે.

વહીવટીતંત્ર બાદ હવે પોલીસતંત્રમાં બઢતી-બદલીનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા. ૨૮

વહીવટીતંત્ર બાદ હવે રાજયના પોલીસતંત્રમાં બઢતી અને બદલીનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી ટૂંક સમયમાં બદલીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા પોલીસ અધિકારીઓની બદલી માટે ગૃહ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભા ચૂંટણીને આડે હવે માત્ર ૬ મહિના જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ચૂંટણીને ધ્યાને રાખીને તાજેતરમાં જ રાજય સરકારે ૨૪ થી વધુ જિલ્લા કલેક્ટર, ડીડીઓ કક્ષાના અધિકારીઓની બદલીઓના હૂકમો કર્યા હતા.

વહીવટીતંત્રમાં જિલ્લાકક્ષાએ ફેરબદલ કરવામાં આવ્યા બાદ હવે પોલીસતંત્રમાં પણ ફેરબદલ કરવા માટેની કવાયત ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે અને આગામી ટૂંક સમયમાં બદલી અને બઢતીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રઓ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સૌ પ્રથમ એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા હોઈ તેવા જિલ્લા પોલીસ અધિકારીઓની અને નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારીઓની બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પાટોત્સવ : સેક્ટર-૬માં અંબાજી માતાના મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. વહેલી સવારથી યજ્ઞ અને ધૂનના કાર્યક્રમોથી ભક્તિનો માહોલ છવાયો હતો.

આજે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક યોજાશે

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા કાર્યકરોમાં નવું જોમ અને જુસ્સો પુરો પાડવા માટે આગામી તારીખ-૨૯-૦૪-૨૦૧૭ શનિવારના ના રોજ બપોરે ૩:૦૦ કલાકે જીલ્લા પંચાયત ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તેમજ જિ.પ. પ્રમુખ રામાજી ઠાકોર, પ્રદેશ ઝોન પ્રભારીશ્રી લાખાભાઈ ભરવાડ, જીલ્લા નિરીક્ષકો સર્વશ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી રમેશભાઈ દેસાઈ, જયપ્રકાશ ઠાકર, વિધાનસભા નિરીક્ષકો સર્વશ્રી જે.એમ.ત્રિવેદી, અરૂણભાઈ પટેલ, અરવિંદસિંહ ચૌહાણ, મનિષભાઈ મકવાણાની વિશેષ ઉપસ્થિતીમાં યોજાનાર છે. જેમાં જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, જશુભા રાણા, નિશિત વ્યાસ, ડૉ.હિમાંશુ પટેલ, ડૉ.સી.જે.ચાવડા, બાબુસિંહ ઠાકોર, હરીભાઈ ચૌધરી, જુગાજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, ડૉ.કૌશિક શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત શહેર-તાલુકા-જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ, ચૂંટાયેલા તમામ સદસ્યશ્રીઓ, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-સેલ-ડિપાર્ટમેન્ટના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

રોટરી દહેગામ અને રોટરી પ્રહલાદનગરના સંયુક્ત ઉપક્રમે સંગીત સંધ્યાનું આયોજન

દહેગામ, તા. ૨૮

ફ્રેન્ડશીપ અને ફેલોશીપ માટે જગવિખ્યાત રોટરી ઈન્ટરનેશનલનું અંગ એવી રોટરી ક્લબ દહેગામ દ્વારા રોટરી ક્લબ પ્રહલાદનગર (અમદાવાદ)ને દહેગામમાં આમંત્રણ આપી અને સંયુક્ત મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર આયોજનની સ્પોન્સરશીપ દહેગામના જાણીતા બિલ્ડર 'શ્લોક ૧૦૮'ના રોટે. મનોહરભાઈ પટેલે આપી હતી.

સૌ પ્રથમ રોટરી દહેગામ અને રોટરી પ્રહલાદનગર પરિવાર સાથે શ્લોક ૧૦૮ બંગ્લોઝમાં મળ્યા હતા અને ફ્રેન્ડશીપ અને ફેલોશીપ માણી હતી. ત્યાર બાદ બન્નેની સંયુક્ત જનરલ મિટીંગ યોજેલ હતી. જેમાં દહેગામ ક્લબના પ્રેસિડેન્ટ રોટે. જગદીશ પટેલ તથા પ્રહલાદનગર ક્લબના પ્રેસિડેન્ટ રોટે. મનિષ કેડિયાએ જણાવેલ કે આવી સંયુક્ત મિટીંગોથી રોટેરિયન મિત્રોમાં ભાઈચારો વધે છે તથા એકબીજાના નવા અને સારા વિચારોની આપ-લે થાય છે. જેથી ભવિષ્યમાં કોઈ મોટા પ્રોજેક્ટ સંયુક્ત રીતે પણ કરી શકાય.

ત્યારબાદ સૌ મિત્રોએ કાઠિયાવાડી ભોજનની સાથે સાથે નવા-જૂના ફિલ્મીગીતોના ડાયરાની મોજ માણી હતી. દહેગામના જાણીતા કલાકાર વિજય ઠાકર અને તેમની ટીમે સૌને સંગીતના સૂરોમાં તથા વાઝિંત્રોના તાલે ડોલાવ્યા હતા અને સૌ મિત્રોએ કપલ ડાન્સની મોજ પણ માણી હતી.

આ પ્રસંગે રોટરી દહેગામ પ્રેસિડેન્ટ રોટે. જગદીશ પટેલ, રોટરી પ્રહલાદનગર પ્રેસિડેન્ટ રોટે. મનિષ કેડિયા, આસી. ગર્વનરો રોટે. તુલસી પટેલ, રોટે. ભરત દેસાઈ, રોટે. પલક શાહ, રોટે. મનોહરભાઈ પટેલ, રોટે. કસ્તુરબેન પટેલ, રોટે. મહેશ પટેલ, રોટે. કપિલ ભાવસાર, રોટે. રાજન દલાલ સહિતના રોટેરિયન મિત્રો પરિવાર સાથે હાજર રહી કાર્યક્રમને માણ્યો હતો.

આજથી અમદાવાદમાં ગુજરાત ગૌરવ દિનની ભવ્ય ઉજવણી

બે દિવસ ચાલનારા આ મહોત્સવમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે અનેકવિધ લોકાર્પણ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

૫૭મા ગુજરાત ગૌરવ દિનની ઉજવણી અમદાવાદ જિલ્લામાં થઈ રહી છે. આ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા એક સપ્તાહથી જિલ્લા તથા મહાનગરમાં અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આગામી તા. ૩૦મી અને ૧લી મેના અનેકવિધ રંગારંગ કાર્યક્રમો સાથે લોકાર્પણ કાર્યક્રમો યોજાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદહસ્તે મંત્રીમંડળના સભ્યોની, અગ્રણી આગેવાનોની ઉપસ્થિતિમાં આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ ૧૫થી વધુ લોકાર્પણો થશે. જેમાંસવારે ૧૧ કલાકેવિરમગામ ખાતે યુવા સંમેલન યોજાશે, બપોરે ૩ કલાકે એનેક્ષી શાહીબાગ ખાતે નવા ભવનનું લોકાર્પણ, બપોરે ૩.૩૦ કલાકે નિકોલ અને કઠવાડા ખાતે આવાસોનું લોકાર્પણ, સાંજે ૪ કલાકે ઔડા દ્વારા નવનિર્મિત આવાસ યોજનાની મુલાકાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જશે. ત્યારબાદ ઈડબલ્યુએસ અને એલપીજી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી અર્પણ કરાશે. સાંજે ૫.૩૦ કલાકે રિવરફ્રન્ટ ખાતે નૌકા સ્પર્ધાને પ્રસ્થાન કરાવશે અને સાંજે ૬.૩૦ કલાકે પોલીસ કમિશનર કચેરીના ભૂમિપૂજન કરાવશે.

ગુજરાત ગૌરવ દિને ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાનારા છે. જેમાં મુખ્યમંત્રીના વરદહસ્તે સવારે ૮.૩૦ કલાકે પૂજ્ય ઈન્દુચાચાની પ્રતિમાને તથા શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરાશે. ત્યારબાદ ૮.૪૫ કલાકે હોમગાર્ડ ભવનનું લોકાર્પણ કરશે. ૮.૫૦ કલાકે સરદાર બાગ ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી જાહેરસભાને સંબોધન કરશે અને સવારે ૯.૩૦ કલાકે જગન્નાથ મંદિર ખાતેથી શ્રવણતીર્થ યાત્રાનું પ્રસ્થાન કરાવશે.

સવારે ૧૦.૩૦ કલાકે સોલા સિવિલ હોસપિટલ ખાતે ઓ.પી.ડી. બિલ્ડિંગનું લોકાર્પણ કરશે. સવારે ૧૧.૩૦ કલાકે વસ્ત્રાપુર ખાતે નવી સરકારી કચેરીઓ તથા આવાસોનું લોકાર્પણ કરશે અને બપોરે ૧૨.૦૦ કલાકે જીએમડીસી કન્વેન્શન હોલ ખાતે બુક ફેરનું ઉદઘાટન કરશે. બપોરે ૧૧.૩૦ કલાકે નવરંગપુરા ખાતે મલ્ટી લેવલ પાર્કિંગનું લોકાર્પણ કરશે. ત્યારબાદ બપોરે ૩.૩૦ કલાકે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે નવા ભવનોનું લોકાર્પણ કરશે. સાંજે ૪.૩૦ કલાકે ચાંદખેડા ખાતે એલ.આઈ.જી. આવાસોનું લોકાર્પણ કરશે. સાંજે ૫.૩૦ કલાકે રિવરફ્રન્ટ ખાતે રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિ સાથે પરેડ નિરીક્ષણ કરશે અને સાંજે ૭.૦૦ કલાકે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in